# ચિરાગે હિદાયત



## અરબઈન

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના નવાસા ઈમામ હુસૈન(અ.સ.)ની મઝલૂમીયતભરી શહાદતના ખૂનની સૂર્ખીએ કરબાલાના બનાવના દામન પર તેવું નિશાન છોડ્યું છે કે જેને ઝમાનો ભૂલાવી શકતો નથી.

કરબલાનો બનાવ હકીકતમાં હંમેશા રહેનારી ઝિંદગીનું નામ છે, કરબલાનો બનાવ ઝુલ્મ અને ઝાલિમની સામે ઊભું થવાનું નામ છે.

આપણે ઈમામ હુસૈન(અ.સ.)નો હક ત્યારે જ અદા કરી શકીએ છીએ કે જ્યારે ઈમામ હુસૈન(અ.સ.) તે અઝીમ મકસદને પૂરી દુનિયા સુધી પહોંચાડીએ. આ જ મકસદે ઈમામ હુસૈન(અ.સ.) અને આપ(અ.સ.)ના અસહાબની કુરબાનીની યાદ તાજા કરવાનો એક નમૂનો છે કે ચહેલૂમે ઈમામ હુસૈન(અ.સ.)ને મનાવવી.

જેની સુન્નતની શરૂઆત હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના એક સહાબી જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અંસારી દ્વારા થઈ. જેમણે સેંકડો માઈલ પૈદલ ચાલીને ૨૦ માહે સફરના રોજ નવાસાએ રસૂલ(સ.અ.વ.)ની ઝિયારતનો શરફ હાંસિલ કર્યો. માટે આજે આપણી પણ જવાબદારી બને છે કે ૨૦ માહે સફરના રોજ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે પૈદલ જઈએ

અને કબ્રે ઈમામે હુસૈન(અ.સ.) અને તુરબતે ઈમામે હુસૈન(અ.સ.)થી પોતાનો મસ કરીએ. કેમકે તુરબતે ઈમામે હુસૈન(અ.સ.)ની પણ કેટલી ફઝીલત છે તેને બયાન નથી કરી શકાતી. અહીં અમે તુરબતે ઈમામ હુસૈન(અ.સ.) અને ખાકે કરબલાની અમુક ફઝીલતો પેશ કરીએ છીએ.

## ખાકે કરબલા

પરવરદિગારે આલમે કરબલાની ઝમીનને એવી ફઝીલત અને બરકત અતા કરી છે જે ફઝીલત અને બરકત બીજી ઝમીનને નથી મળી, કોઈપણ ઝમીનની માટી તેની બરાબર નથી. કરબલાની ખાકને ખાકે શિફા કહેવામાં આવે છે. ઘણીબધી રિવાયતોમાં આ બાબતે ઈશારો કરતા કહેવામાં આવ્યું છે કે આ ખાકને ખાવી તમામ બીમારીઓથી શિફાનું કારણ છે.

આ પણ યાદ રહેવું જોઈએ કે અઈમ્માએ અત્હાર(અ.મુ.સ.) મુજબ ખાકે શિફા સિવાયની બીજી તમામ માટીનું ખાવું હરામ છે. ભલે તે બીજા ઈમામો(અ.મુ.સ.)ની કબ્રની માટી જ કેમ ન હોય. જેમ કે હદીસમાં આવ્યું છે કે માસૂમ(અ.મુ.સ.)એ ફરમાવ્યું કે દરેક માટીનું ખાવું હરામ છે, પરંતુ ખાકે શિફાને ખાવામાં કોઈ હરજ નથી.

ઈમામે ઝમાના(અ.સ.) ઝિયારતે નાહિયામાં ફરમાવે છે કે "સલામ થાય તેની ઉપર કે જેની કબ્રની માટીમાં ખુદાવંદે આલમે બિમારીઓને શિફા કરાર દીધી."

ઈમામ રઝા(અ.સ.)એ ફરમાવ્યું ''જ્યારે તમારામાંથી કોઇ પણ મૃત્યુ પામે તો દફન કરતી વખતે તેની સાથે ખાકે શિફા રાખો.''

ઈમામ જાફર સાદિક(અ.સ.)થી રિવાયત છે કે ''અગર કોઇ ખાકે શિફાની તસ્બીહથી ઝિક્ર કરશે તો અલ્લાહ તઆલા તેને સિત્તેર તસ્બીહનો સવાબ આપશે.''

પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ ફરમાવ્યું ''મારા લાલ હુસૈનને તે ઝમીન પર દફન કરવામાં આવશે જેને કરબલા કહે છે. એવી બાઅઝમત ઝમીન કે જે હંમેશા ઈસ્લામના સરનો તાજ રહી, જેમ કે ખુદાવંદે મુતઆલે હઝરત નુહ(અ.સ.)ને અને તેમના મોઅમીનોને તે ઝમીન ઉપર તુફાનથી નજાત આપી.''

ઈમામ સાદિક(અ.સ.)થી રિવાયત છેકેઆપ(અ.સ.)એ ફરમાવ્યું ''કાબાની ઝમીને ફખ્રથી કહ્યું કે કઇ ઝમીન મારા જેવી છે. જ્યારે કે અલ્લાહે મારી ઉપર કાબાની તામીર કરી અને લોકો દરેક બાજુથી મારી તરફ રૂખ કરે છે અને મને ખુદાનું હરમ અને અમ્ને ઈલાહી કરાર દેવામાં આવી છે. ખુદાવંદે આલમની આ બાબતે વહી થઇ કે બસ કર અને થોભી જા. મારી ઈઝ્ઝતો જલાલની કસમ તે (ઝમીને કાબા) જે ચીઝોને પોતાની માટે સમજે છે, કરબલાને અતા કરવામાં આવેલી મારી ફઝીલતોના મુકાબલામાં કાંઇ નથી. આ ફઝીલતો દરિયાના મુકાબલામાં એક

એવા ટીપા બરાબર છે જેવું દરિયામાં સોઇ નાખીને સોઇથી લાગેલું ટીપું છે. હકીકત આ છે કે અગર આ (કરબલાની) માટી ન હોત તો તું પણ બાફઝીલત ન હોત અને જે કાંઇ પણ આ ખાકમાં મૌજૂદ છે અગર તે ન હોત તો તને ન બનાવત તેમજ જે ઘર પર તને ફખ્ર છે તે પણ ન બનાવત. માટે થોભી જા અને ખામોશ થઇ જા અને ગુરૂર ન કર. કરબલાની ઝમીનની નિસ્બતે સરકશીનો લેહજો ન અપનાવ. નહિંતર તને જહન્નમમાં નાખી દઇશ.''

આ માટે કે ખાકે કરબલા ઉપર સજદો કરવાનો સવાબ અતિશય છે. ઇસ્લામી રિવાયત અનુસાર નમાઝમાં લાઝીમ છે કે ઇન્સાન પાકતરીન જગ્યા પર સજદો કરે અને આ લેહાઝથી શિયાઓએ ખાકે કબ્રે સૈય્યદુશ્શોહદા(અ.સ.)ને પાકતરીન ખાક હોવાની બુનિયાદ પર પોતાની સજદગાહ કરાર દીધી.

ઇસ્હાક ઇબ્ને અમ્માર કહે છે કે મે ઇમામ જાફર સાદિક(અ.સ.)થી સાંભળ્યું કે તેમણે ફરમાવ્યું ''બેશક હરીમે કબ્રે ઇમામે હુસૈન(અ.સ.)નો એહતેરામ આ છે કે અગર કોઇ તેને ઓળખે અને માઅરેફત હાંસિલ કરી લે તથા પનાહ તલબ કરે તો તેને પનાહ આપવામાં આવે છે.'' મેં અર્ઝ કરી ''હરીમે કબ્રે ઇમામે હુસૈન(અ.સ.)ને આપ મારી સામે વાઝેહ કરો.'' તો ઇમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''તે કબ્ર જે હાલમાં પચ્ચીસ જીરાહ (ગજ) માથાની તરફથી અને પચ્ચીસ ગજ

પગની તરફથી તેમજ પચ્ચીસ ગજ પુશ્ત તરફથી અને પચ્ચીસ ગજ સામે તરફથી જેટલો હિસ્સો આવે તે હરીમે કબ્રે ઈમામે હુસૈન(અ.સ.) છે.''

*** ખૂશ્બુએ તુરબર અને નિશાને કબ્રે ઈમામ હુસૈન(અ.સ.):**

ઈબ્ને અસાકીર પોતાની સનદોની સાથે હિશામ ઈબ્ને મોહમ્મદથી રિવાયત કરે છે કે જ્યારે કબ્રે ઈમામ હુસૈન(અ.સ.) ઉપર પાણી વહાવવામાં આવ્યું અને ચાલીસ દિવસ પછી જ્યારે પાણી ખત્મ થઈ ગયું અને કબ્રે ઈમામે હુસૈન(અ.સ.)નું નિશાન મટી ગયું તો બની અસદના લોકો આવ્યા અને એક એક મુઠ્ઠી ખાકને ઉઠાવી અને સુંઘવા લાગ્યા. અહીં સુધી કે કબ્રે ઈમામ હુસૈન(અ.સ.) સુધી પહોંચ્યા અને ગિર્યા કરવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે મારા મા-બાપ આપ(અ.સ.) પર કુરબાન થઈ જાય. આપ(અ.સ.)ની તુરબર આપ(અ.સ.)ના શહીદ થયા પછી પણ કેટલી ખૂશ્બુ આપી રહી છે.

પછી શેઅર પઢ્યો જેનો મતલબ આ છે કે ''લોકોએ ચાહ્યું કે આપ(અ.સ.)ની કબ્રને આપ(અ.સ.)ના દોસ્તોથી છુપાવી દે, પરંતુ ખૂશ્બુએ તુરબર આપ(અ.સ.)ની કબ્રની નિશાની છે.''

પરવરદિગારે આલમ! દરેક મોહિબ્બે એહલેબૈત(અ.મુ.સ.)ને ઝિયારતે કબ્રે ઈમામ હુસૈન(અ.સ.) નસીબ ફરમાવે અને તેમના ફરઝંદ ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહૂરમાં તાઅજીલ ફરમાવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com